# :: પ્રેસનોટ ::

સુરત મહાનગરપાલિકા દ્વારા પર વર્ષથી આયોજીત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા પર વર્ષથી આયોજીત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાનું આયોજન ચાલુ વર્ષે આગામી સમયમાં ભારત રત્ન અટલ બિહારી વાજપેયી ઓડિટોરિયમ, કતારગામ, સુરત ખાતે કરવામાં આવનાર છે. આ નાટ્ય સ્પર્ધામાં સુરત શહેરની નાટ્ય સંસ્થાઓ ભાગ લઇ શકશે. નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા અંગેના પ્રવેશપત્રો સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક  વિભાગ, શ્રી તાપીભવન, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, શ્રી તાપીપુરા, સુરત (ફોન નં.૨૪૨૩૭૫૧ થી ૫૬--279) ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મળશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઇટ www.suratmunicipal.gov.in/information/news પરથી પ્રેસનોટ, પ્રવેશપત્ર, નિયમો અંગેની માહિતી મળી શકશે. નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છતી સંસ્થાઓએ પ્રવેશપત્ર સાથે રૂ.3,000/- ની ડીપોઝીટ ડિમાન્ડ ડ્રાફટથી તથા નાટ્યકૃતિની એક કોમ્પ્યુટરાઇઝડ હાર્ડ કોપી પ્રવેશફોર્મ સાથે તા.૧૪/૦૮/૨૦૨૬ને શુક્રવારના રોજ સાંજે ૪.00 કલાક સુધીમાં સાંસ્કૃતિક વિભાગમાં જમા કરાવવાના રહેશે. અધુરી  વિગતવાળા પ્રવેશપત્રો રદ થવાને પાત્ર રહેશે.

સમાચારયાદી નં.૧૪૯, તા.૦૬/૦૮/૨૦૨૬, જનસંપર્ક  વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# સુરત મહાનગરપાલિકા

''સુરત મહાનગરપાલિકા દ્વારા પ૨ વર્ષથી આયોજીત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા''નું પ્રવેશપત્ર

ફોટો

| | | | |
|---|---|---|---|
| ૧. | નાટ્ય સંસ્થાનું નામ અને સંપૂર્ણ સરનામું<br>(મોબાઈલ નંબર સહિત) | :– | |
| ૨. | નાટ્ય સ્પર્ધામાં જે નાટક રજુ કરવા માગતા હોય તેની વિગત અલગ કાગળ પર જણાવો.<br>(અ) નાટકનું નામ :<br>(બ) લેખકનું નામ :<br>(ક) દિગ્દર્શકનું નામ :<br>(ડ) નાટકમાં ભાગ લેનાર કલાકારની પાત્રસુચિ સહિત સંપૂર્ણ નામ, સરનામું :<br>(અલગ સંસ્થાના લેટરપેડ પર લખી સાથે જોડવું) | | |
| ૩. | ડીપોઝીટ માટે*<br>(અ) ડીમાન્ડ ડ્રાફ્ટ / પે ઓર્ડર નંબર<br>(બ) રકમ<br>(ક)બેંકનું નામ | :– | |
| ૪. | ડિપોઝીટની રસીદ કયા નામે બનાવવાની છે તે નામ*<br>(અંગ્રેજીમાં વિગત લખવી)<br>(A) Bank Account No.<br>(B) MICR Code<br>(C) IFSC Code<br>(ડિપોઝીટ રીફંડ ચેક તથા અન્ય ભથ્થાઓ ઉપર દર્શાવેલ બેંક એકાઉન્ટમાં જ જમા થશે.) | :–<br><br>:–<br>:–<br>:– | |
| ૫. | સંસ્થાનાં મુખ્ય સંચાલકનું નામ અને સરનામું મોબાઈલ નંબર સહિત. | :– | |
| ૬. | પાનકાર્ડ નંબર(પાનકાર્ડની નકલ બીડવી) | :– | |
| ૭. | નાટક મૌલિક / ભાષાંતર કે રૂપાંતર તેની વિગતો આપવી.(રૂપાંતર કે ભાષાંતરની બાબતમાં મૂળ નાટકનું નામ અને તેના લેખકનું નામ સરનામું તેમજ નાટકનો પ્રકાર ઐતિહાસિક કે કોઈ વિશિષ્ટ પ્રકારનું હોય તો તે જણાવવું) | :– | |
| ૮. | નાટકના લેખકની ભજવવા અંગેની મંજુરી, અનુમતિની નકલ / લેખકની મંજુરી જોડી હોય તો તેની વિગત જણાવો.<br>(નાટકની સ્ક્રીપ્ટ અરજી સાથે અવશ્ય જોડવાની રહેશે.) | :– | |
| ૯. | વિરામ (ઈન્ટરવલ) સહિત નાટક ભજવવાનો કુલ્લે અંદાજીત સમય* | :– | |
| ૧૦. | આ અગાઉ સુરત મહાનગરપાલિકા, ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી કે અન્ય કોઈ સંસ્થા દ્વારા યોજાયેલ સ્પર્ધામાં ભાગ લીધેલ છે કે કેમ ?<br>જો 'હા' હોય તો<br>(અ) નાટકનું નામ<br>(બ) નાટ્ય સ્પર્ધાનું વર્ષ | :–<br><br>:–<br>:– | હા / ના |

........૨

આથી હું ..........................................................જાહેર કરું છું કે, સુરત મહાનગરપાલિકા દ્વારા યોજવામાં આવેલી નાટ્ય સ્પર્ધાના નિયમો મેં વાંચ્યા છે. અને તે મને તથા મારી સંસ્થાને માન્ય છે. નિયમોને આધિન રહીને નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવાની હું તથા મારી સંસ્થા કબુલાત આપીએ છીએ.

નાટ્ય સ્પર્ધા અંગે સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરશ્રીએ લીધેલા તમામ નિર્ણયો અમોને બંધનકર્તા રહેશે.

તારીખ : /૦૮/૨૦૨૬ ....................................................

સ્થળ : સંસ્થાના મુખ્ય સંચાલકનું નામ તથા સહી.

સંસ્થાનો સિકકો

**<u>નોંધ</u> :–**

(૧) નાટ્ય સ્પર્ધાના પ્રવેશફોર્મની સંપૂર્ણ વિગત સાથેનું જ ફોર્મ સ્વીકારવામાં આવશે. તેમજ છેકછાકવાળા ફોર્મ સ્વીકારવામાં આવશે નહિં.

(૨) નાટકની અરજી સાથે ભરેલ ₹ ૩,૦૦૦/–ના ડિપોઝીટના **<u>રીફંડનો ચેક</u>** જે નામે મેળવવા માંગતા હોવ **<u>તે નામ તથા બેંકની વિગતનો ઉલ્લેખ અરજી ફોર્મની વિગત નં.૪ માં ખાસ કરવો.</u>** **<u>જે નામે રસીદ બનાવવામાં આવી હશે તે જ નામે રીફંડનો ચેક/National Electronic Fund Transfer(NEFT) તથા અન્ય ભથ્થા મળશે. તેમાં પાછળથી ફેરફાર કરી આપવામાં આવશે નહિ.</u>**

(૩) કોરા અરજી ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, શ્રી તાપી ભવન, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, શ્રી તાપીપુરા, સુરત (ફોન નં.૨૪૨૩૭૫૧ થી ૫૬–EXT : 279) ખાતેથી મેળવી ભરેલા પ્રવેશપત્રો તમામ વિગતો સહિત **<u>તા.૧૪/૦૮/૨૦૨૬ને શુક્રવારના રોજ સાંજે ૪.૦૦ કલાક સુધીમાં</u>** પરત કરવાના રહેશે. ત્યારબાદ અરજીફોર્મ સ્વીકારવામાં આવશે નહી.

# સુરત મહાનગરપાલિકા

## '' સુરત મહાનગરપાલિકા દ્વારા ૫૨ વર્ષથી આયોજીત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા''ના વહીવટી નિયમો

''સુરત મહાનગરપાલિકા દ્વારા ૫૨ વર્ષથી આયોજીત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા''નું આયોજન આગામી સમયમાં કરવામાં આવનાર છે. જે અંગે નીચે મુજબના વહીવટી નિયમો ભાગ લેનાર નાટ્ય સંસ્થાને બંધનકર્તા રહેશે.

૧. સ્પર્ધામાં ભાગ લેનાર સંસ્થાઓએ સંપૂર્ણ વિગતો ભરેલ પ્રવેશપત્રો સાથે ડિપોઝીટ પેટે રૂા.૩,૦૦૦/–ની રકમનો પે ઓર્ડર/ ડી.ડી. કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો રજુ કરવાનો રહેશે. સ્પર્ધામાં નાટક રજુ થયા બાદ ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

૨. નાટ્ય સ્પર્ધાના વિજેતાઓને રોકડ પુરસ્કાર, ટ્રોફી તથા પ્રમાણપત્ર આપવામાં આવશે.

૩. સુરત શહેર વિસ્તારમાં આવેલી નાટ્ય સંસ્થાઓ તેમજ શહેરનાં કલાકારો તથા દિગ્દર્શકો આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

૪. નાટ્ય સંસ્થાએ સ્પર્ધા માટેના નાટકોનો પ્રકાર, પ્રવેશપત્રમાં અવશ્ય જણાવવાનો રહેશે. જેથી નાટક મૌલિક, ભાષાંતર કે રૂપાંતર છે તે સ્પષ્ટ જાણી શકાય. ભાષાંતર કે રૂપાંતરની બાબતમાં મૂળ લેખકનું નામ તથા કઈ ભાષામાં નાટક લખાયું હતું, તે ફોર્મમાં જણાવવું જરૂરી છે.

૫. એક વ્યકિત એક જ સંસ્થાના નાટકમાં અભિનય અને દિગ્દર્શન કરી શકશે. આ નિયમ ફકત સ્ટેજના કલાકારો તથા દિગ્દર્શકને જ લાગુ પડશે.

૬. નાટકની સ્ક્રીપ્ટમાં લેખકે નિર્દેશેલા પાત્રો ઉપરાંત વધારાના પાત્રો લેખકની સંમતિ વગર ઉમેરી શકાશે નહીં અને વધારાના ઉમેરેલા પાત્રો માટે લેખકની સંમતિ રજુ કરવાની રહેશે.

૭. સ્કુટિનીમાં પસંદગી પામેલ સંસ્થાઓને સુરત મહાનગરપાલિકાના ઓડિટોરીયમ ખાતે જે તે સમયે ઉપલબ્ધ સુવિધાઓ વિના મૂલ્યે પૂરી પાડવામાં આવશે અને અંતિમ રાઉન્ડમાં નાટકની પ્રસ્તુતિ બાદ ખર્ચ પેટે ₹૨૫,૦૦૦/–ની રકમ જે તે નાટ્ય સંસ્થાઓને આપવામાં રહેશે.

૮. નાટ્ય સ્પર્ધામાં ભાગ લેનાર સંસ્થાઓએ નાટ્યકૃતિની પ્રસ્તુતિ માટે નાટકના લેખક તેમજ દિગ્દર્શકની સંમતિ પોતાના ખર્ચે અને જોખમે લેવાની રહેશે તથા નાટક રજુ કરનારે ગુજરાત રાજય સંગીત નાટ્ય અકાદમી, ગાંધીનગરનું યોગ્યતા પ્રમાણપત્ર સ્પર્ધાના ૧૦ દિવસ પહેલા રજુ કરવાનું રહેશે. **<u>જો કોઈ સંસ્થા આવું પ્રમાણપત્ર આપવામાં નિષ્ફળ જશે, તો નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે નહિ તથા ખર્ચ પેટે ચુકવવામાં આવતી રકમ પણ ચુકવવામાં આવશે નહિ.</u>**

૯. સ્પર્ધામાં ભાગ લેનાર સંસ્થાએ મધ્યાંતર સહિત ઓછામાં ઓછી ૧૨૦ મીનીટ અને વધુમાં વધુ ૧૮૦ મીનીટ ચાલે એવો ગુજરાતી અથવા હિન્દી નાટક રજુ કરવાનો રહેશે. સમગ્ર નાટક દરમ્યાન એક વિરામનો સમય ૧૦ મીનીટથી વધુ રાખી શકાશે નહીં.

૧૦. જાહેર કરવામાં આવેલ સ્પર્ધાનો શરૂ થવાનો સમય સંસ્થાને પાઠવવામાં આવશે. તેમાં અડધા કલાકથી વિશેષ મોડું કરવામાં આવશે તો નાટક મોડું શરૂ કરવા બદલ જે તે સંસ્થાના માર્કસ્ કાપી લેવામાં આવશે.

૧૧. અરજી મળેલ હોય તેવી તમામ નાટ્ય સંસ્થાઓને નાટ્ય સ્પર્ધાના ૧૫ દિવસ અગાઉ નિયત તારીખ, સ્થળ અને સમયે નિર્ણાયકો સમક્ષ પોતાની કૃતિનું આંશિક નિદર્શન કરવાનું રહેશે અને જે બદલ ખર્ચ પેટે નાટક દીઠ ₹૨,૩૦૦/– ચુકવવામાં આવશે. સ્કુટિનીના નિર્ણાયકોના નિર્ણયને આધિન આ કૃતિઓ ફાયનલ રાઉન્ડમાં સંપુર્ણ નિદર્શન માટે પસંદ થવા પાત્ર રહેશે.

૧૨. નાટ્ય સ્પર્ધાની સ્કૂટિની અને ફાયનલ રાઉન્ડ દરમ્યાન નિર્ણાયકોના નિર્ણય સામે કોઈ પ્રકારની રજુઆત, તકરાર કે દાવો કે અપીલ ચાલી શકશે નહીં. નિર્ણાયકોના નિર્ણય બાબતમાં કોઈ તકરાર કે દરદાવો ઉભો થાય તો નિર્ણાયકો અને સુરત મહાનગરપાલિકાએ લીધેલ નિર્ણય આખરી ગણાશે.

૧૩. જે સંસ્થાનું નાટક હોય તેના કલાકારો અને સહાયકો તથા બેક સ્ટેજ કલાકારોએ બે કલાક પહેલા નાટ્ય સ્પર્ધાના સ્થળે પ્રવેશ મેળવી લેવાનો રહેશે. સ્ટેજ પરથી હોલમાં પ્રવેશી શકાશે નહીં. નાટક પૂર્ણ થયા બાદના તુરંત એક કલાકમાં જ સ્ટેજ તેમજ ઓડિટોરીયમ પરિસર ખાલી કરી આપવાનું રહેશે.

૧૪. આ નાટ્ય સ્પર્ધામાં સામાજીક હિતોને ધ્યાનમાં રાખી કોઈ જાતિ, કોમ, ધર્મ કે રાજકીય વિવાદને ઉત્તેજન આપે એવા નાટકો રજૂ કરી શકાશે નહિ.

૧૫. નાટ્ય સ્પર્ધામાં સળગી ઉઠે તેવા પદાર્થો, અગ્નિની જવાળાઓ થાય તેવા પદાર્થો, ધડાકો થાય તેવા પદાર્થો, ફટાકડા, દારૂખાનુ, મશાલ તથા અન્ય જોખમકારક સ્ફોટક પદાર્થોનો ઉપયોગ પ્રેક્ષાગારમાં કે સ્ટેજ ઉપર કરવાનો રહેશે નહીં. ભાગ લેનાર સંસ્થાઓએ ઓડિટોરીયમના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૬. સ્પર્ધાના સમગ્ર આયોજન અને સંચાલનની સત્તા આ અંગે બનાવવામાં આવેલ સમિતિની રહેશે. સ્પર્ધા અંગે તેમણે લીધેલા નિર્ણયો આખરી અને બંધનકર્તા રહેશે. જે અંગે કોઈ તકરાર કે દાવો કરી શકાશે નહીં.

૧૭. પ્રવેશપત્ર સાથે નાટ્ય સ્ક્રીપ્ટની હાર્ડ કોપી આપવાની રહેશે, જે પરત કરાશે નહિ. પ્રવેશપત્ર સ્વીકારવાની અંતિમ તારીખ : ૧૪/૦૮/૨૦૨૬.

Sd/-xxx
આસી.મ્યુનિ.કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

**<u>નોંધ</u>** :–

(૧) નાટ્ય સ્પર્ધાના પ્રવેશફોર્મની સંપૂર્ણ વિગત સાથેનું જ ફોર્મ સ્વીકારવામાં આવશે. તેમજ છેકછાકવાળા ફોર્મ સ્વીકારવામાં આવશે નહિં.

(૨) નાટકની અરજી સાથે ભરેલ રૂા.૩,૦૦૦/–ના ડિપોઝીટના **<u>રીફંડનો ચેક</u>** જે નામે મેળવવા માંગતા હોવ **<u>તે નામ તથા બેંકની વિગતનો ઉલ્લેખ અરજી ફોર્મની વિગત નં.૪ માં ખાસ કરવો. જે નામે રસીદ બનાવવામાં આવી હશે તે જ નામે રીફંડનો ચેક/National Electronic Fund Transfer(NEFT) તથા અન્ય ભથ્થા મળશે. તેમાં પાછળથી ફેરફાર કરી આપવામાં આવશે નહિ.</u>**

(૩) કોરા અરજી ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, શ્રી તાપી ભવન, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, શ્રી તાપીપુરા, સુરત (ફોન નં.૨૪૨૩૭૫૧ થી ૫૬–EXT : 279) ખાતેથી મેળવી ભરેલા પ્રવેશપત્રો તમામ વિગતો સહિત **<u>તા.૧૪/૦૮/૨૦૨૬ને શુક્રવારના રોજ સાંજે ૪.૦૦ કલાક સુધીમાં</u>** પરત કરવાના રહેશે. ત્યારબાદ અરજીફોર્મ સ્વીકારવામાં આવશે નહી.